# ઉમરેઠમાં ગેરકાયદેસર દબાણ પર પાલીકાની આંખ લાલઘૂમ

## ઉમરેઠ નગરપાલીકાએ ગેરકાયદેસર દબાણો ઉપર જેસીબી ફેરવવાનું શરૂ કર્યુ : દબાણકારોમાં ફફડાટ : વડાબજાર, ચોકસી બજાર અને ઓડ બજારના રસ્તાઓ ગેરકાયદેસર પાર્કીંગ તથા લારી-ગલ્લાવાળાઓથી મુકત કરાય તેવી લોક માંગણી

ઉમરેઠ તા. ૪

ઉમરેઠ નગરપાલીકાના સત્તાના સુત્રો સંભાળ્યા બાદ પાલીકા પ્રમુખ સંજય પટેલ તથા ઉપ પ્રમુખ અલ્તાફ મલેક અને તેમની ટીમે રસ્તા, પાણી, તળાવ બ્યુટીફીકેશન, સહિત આઈ.ટી.આઈના નવા સંકુલના નિર્માણના કાર્યો કરી ભારે લોક ચાહના મેળવી રહયાની ખબર વચ્ચે નગરમાં નગરના ગેરકાયદેસર દબાણો હટાવવાની ઝુંબેશ શરૂ કરતા માથાભારે દબાણકર્તાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નગરપાલીકાની જમીનો ઉપર કેટલાક વગ ધરાવતા તેમજ તત્કાલીન કાઉન્સીલરના કેટલાક કાઉન્સીલરોના જીહજુરીયા બની સ્વહિત ખાતર ગેર કાયદેસર દબાણો કરી દીધા હોવાનુ તપાસ દરમ્યાન ધ્યાન ઉપર આવતા આવા ગેરકાયદેસર દબાણો દૂર કરવાનું શરૂ કરતા જમીન માફીયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. અત્રેની વીજ કંપની સામે વહોરા ભાઈઓ કે જેઓ મોટાના નામે જાણીતા છે તેઓએ કરેલ ગેર કાયદેસર દિવાલ ઉપર ઉપ પ્રમુખ અલ્તાફ મલેકે જેસીબીમશીન ફેરવી દઈ જગ્યા ખુલ્લી કરી હતી. એન.એ કર્યા વગર છેલ્લા ઘણા વર્ષોથી પાકા બાંધકામ કરી સરકારને ચુનો લગાડી બેઠેલા તત્વોની યાદ. તૈયાર કરવામાં આવી રહી હોવાનું ખાનગી સૂત્રો ધ્વારા જાણવા મળેલ છે. આ જ સ્થળે આ પ્રકારનું બાંધકામ ગણતરીના દિવસોમાં દૂર કરવામાં આવે તેમ મનાઈ રહયુ છે. ગેરકાયદેસર દબાણોની સમસ્યા વિકરાળ બનતી જાય છે તેવા સમયે પાલીકા ધ્વારા શરૂ કરાએલ આ ઝુંબેશને જાગૃત નાગરીકોએ વધાવી દીધી છે. અને ઓડ બજાર, ચોકસી બજાર, તેમજ વડા બજારના જાહેર માર્ગો ઉપરના દબાણો હટાવી મૂાગને રાહદારીઓ માટે ખુલ્લો કરવામાં આવે તેવી નગરજનોની માંગ છે.



## તલોદ માર્કેટયાર્ડમાં સાંસદનો સન્માન સમારંભ યોજાયો

તલોદ, તા. ૪

તલોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ઉપક્રમે માર્કેટયાર્ડ ખાતે સાબરકાંઠાના સાંસદનો સન્માન સમારંભ યોજાયો હતો.

સન્માન સમારંભના પ્રારંભે નવા ચૂંટાયેલા સાબરકાંઠા લોકસભા બેઠકના સાંસદ દિપસિંહ રાઠોડનું ચેરમેન નરેન્દ્રભાઈ પટેલે ફૂલહાર અને શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું. ઉપરાંત આ કાર્યક્રમમાં તલોદ તાલુકાના ૧૦૩ વિદ્યાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ક્રમશઃ ટ્રોફિ અને ગીફટ એનાયત કરવામાં આવ્યા હતા. જ્યારે એન.સી.સી. ગોલ્ડ મેડાલિસ્ટ ભાવિની નરસિંઘાણીનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જયસિંહ ચૌહાણ, વી.ડી. ઝાલા, જયેન્દ્રસિંહ રાઠોડ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસામાં ચેઈન સ્નેચરો બેફામ બનતા સ્થાનિકોમાં ભયની લાગણી

મોડાસા, તા.૪

મોડાસા શહેરમાં છેલ્લા ઘણા સમયથી ચેઈન સ્નેચરો સક્રીય બન્યા છે. પોલીસના ડર કે ખોફ વગર બિન્દાસપણે એક પછી એક ચેન સ્નેચીંગની ઘટનાઓને અંજામ આપી રહ્યા છે. પરિણામે લોકોમાં પોલીસ પ્રત્યે ભારોભાર રોષ જોવા મળ્યો છે અને બેફામ બનેલા ચેઈન સ્નેચરોને દબોચી લેવા પોલીસ કડક કાર્યવાહી કરે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ટૂંકા સમયમાં વાહનચોરી, પશુચોરી, ઘરફોડચોરી, મારામારી, લૂંટ જેવા મિલકત સબંધિત ગુનાઓનું પ્રમાણ દિવસે ને દિવસે વધી રહ્યું છે ત્યારે શહેરના જાહેર માર્ગ પર એક માસમાં ચેઈન સ્નેચરો બેફામ બન્યા છે અને ધોળે દિવસે ભારે ભીડ વચ્ચે મોટર સાયકલ પર આવી રાહદારી મહીલાના ગળામાં સોનાના દોરા ખેંચી ક્ષણવારમાં જ પલાયન થઈ જાય છે. આમ છતાં પોલીસ તંત્ર આંખે પાટા બાંધી ચૂપચાપ તમાશો જોઈ રહ્યું છે તો બીજી તરફ પોલીસ પેટ્રોલિંગનું સૂરસૂરીયું નિકળી રહ્યું છે. વારંવાર બનતી ચેઈન સ્નેચીંગની ઘટના સંદર્ભે સ્થાનિકોમાં ભયની લાગણી ફેલાઈ છે. સત્વરે જિલ્લા પોલીસ તંત્ર ચેઈન સ્નેચરોને ઝડપી પાડે તેવી પણ સ્થાનિકોમાં માંગ ઉઠવા પામી છે.

# અરવલ્લી સહિત સાત જિલ્લામાં ૮૧ પશુઓની ચોરી કરનાર મુખ્ય સુત્રધાર ઝડપાયો

મુલોજ, તા.૪

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા સહિત સાત જિલ્લાઓમાં ૮૦થી વધુ પશુઓની ચોરી કરી તરખાટ મચાવનાર મુખ્ય સૂત્રધાર ને આજે અરવલ્લી જિલ્લા એલ.સી.બી.ની ટીમે બાતમીના આધારે ઝડપી પાડયો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા અને અરવલ્લી સહિત અન્ય સાત જિલ્લામાં મોંઘા દૂધાળા પશુઓની ચોરી થવાના બનાવો બનવા પામ્યા છે. પશુચોરીમાં સંડોવાયેલા વોન્ટેડ આરોપી હનીફ મુલતાનીએ તલોદના ગંભીરપુરા અને પોશીનામાંથી પાંચ ભેંસ, હાજીપુરા ગામમાંથી બે ભેંસ, ભિલોડાના ટાકા ટુંકા ગામમાંથી એક ભેંસ તેમજ બે બળદ, ચાર પાડી, તેર ઘેટાં-બકરાં સહિત કુલ ૮૧ નંગ પશુઓની ચોરી કર્યાની ફરિયાદ અલગ અલગ સમયે જુદા જુદા પોલીસ મથકમાં નોંધાઈ હતી. પરંતુ આરોપી પોલીસ પકડથી દૂર હતો દરમિયાન આજે અરવલ્લી જિલ્લા એલ.સી.બી. પોલીસની ટીમે બાતમીના આધારે પશુચોરી કરી તરખાટ મચાવનાર આરોપીને ઝડપી પાડયો હતો અને તેની પુછપરછ કરતા તેને કુલ ૮૧ નંગ પશુચોરીની કબુલાત કરી હતી. પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી આરોપી વિરુદ્ધ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## નવી દિલ્હી ખાતે રાજ્યોના શહેરી વિકાસ મંત્રીઓની બેઠક

ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વાહન વ્યવહાર અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ તા. ૩-૭-૨૦૧૪ના રોજ નવી દિલ્હી ખાતે યોજાયેલ દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના મંત્રીઓની પરિષદમાં ગુજરાત રાજ્ય વતી ભાગ લીધો હતો. આ પ્રસંગે રાજ્યકક્ષાએ શહેરી ગૃહ નિર્માણ મંત્રી શંકરભાઈ ચૌધરીએ કેન્દ્ર સરકારને હાઉસીંગ સેક્ટરમાં એફડીઆઈને ઉત્તેજન આપવા અને તેને આગળ ધપાવવા અને શહેરી ગૃહનિર્માણ ક્ષેત્રે આ અંગે એક સર્વગ્રાહી નીતિ બનાવવા અનુરોધ કર્યો છે.

# મીઠા ગામે રેલવે લાઈન નીચે નહેરનું કામ આગળ ધપાવવા કેન્દ્રની મંજુરી

પાલનપુર, તા.૪

ભાભર તાલુકાના ૩૨ ગામોને ખેતીનું પાણી પહોંચાડવા માટે પસાર થતી નર્મદાની નહેર માટે નાળુ મુકવાની રેલવે સત્તાવાળાઓ દ્વારા મંજુરી ન મળતાં ઘણા સમયથી અટવાયેલો પ્રશ્ન રાજયમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીની રજુઆતથી કેન્દ્રની મોદી સરકારે માત્ર એક જ મહીનામાં ઉકેલતાં ભાભર તાલુકાના ૩૨ ગામોને નર્મદાનું પાણી પહોંચાડવાનો માર્ગ મોકળો થતાં આ વિસ્તારના ખેડૂતોમાં હર્ષની લાગણી છવાઈ છે.

આ વિસ્તારના ધારાસભ્ય અને રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીના પ્રયાસોથી આ વિસ્તારનો ઘણા સમયથી વણ ઉકલ્યો પ્રશ્ન ઉકેલાતાં આજે મીઠા ગામે નહેર માટેના નાળાનું ખાતમુહુર્ત યોજવામાં આવ્યું હતું. જેમાં ભાભર તાલુકા ભાજપ પ્રમુખ જીવણગીરી ગોસ્વામી, મહામંત્રી અમથુજી ઠાકોર, મહેશ ચૌધરી, રમેશજી ઠાકોર, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ શ્રીમતી નૌકાબેન પ્રજાપતિ, સેલ સંયોજક નરેશભાઈ અખાણી, બક્ષી મોરચાના મહામંત્રી સવરામભાઈ ચૌધરી, ડેલીગેટ હરચંદજી ઠાકોર, ઉપપ્રમુખ ઈશ્વરજી ઠાકોર, નગાજી ઠાકોર, સરપંચ માનસંગજી ઠાકોર, પ્રભારી અચરતલાલ ઠકકર, હરીલાલ ઠકકર, માર્કેટના ચેરમેન લાલજીભાઈ પટેલ, વા. ચેરમેન નરસંગભાઈ દેસાઈ, શંકરલાલ રડકીયા, અમીચંદભાઈ ડેલીગેટ, રતનસિંહ માસ્તર સહીત મીઠા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ટાટમાં ગુજરાતમાંથી એક લાખથી વધુ વિદ્યાર્થી રહેશે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૭ જુલાઈના રોજ શિક્ષણ અભિયોગ્યતા કસોટી (ટાટ)ની પરીક્ષા લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ત્યારે અનિવાર્ય સંજોગોના કારણે શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. બોર્ડ દ્વારા જાહેર કરાયેલ સમયપત્રક મુજબ હવે ઉમેદવારોએ ૨૭ જુલાઈના રોજ સવારે ૧૦:૩૦ કલાકે પોતાના પરીક્ષા કેન્દ્રો પર ઉપસ્થિત રહેવાનું રહેશે. ૧૦:૩૦ થી ૧૧કલાક દરમિયાન ઓએમઆર શીટ વિતરણ કરવામાં આવશે. ત્યારબાદ ૧૧ થી ૧કલાક દરમિયાન પેપર-૧ સોલ કરવાનું રહેશે. જે કુલ ૧૫૦ માર્કસનું રહેશે. બપોરે ૧ થી ૧:૧૦ કલાક દરમ્યાન પેપર-૧ની ઓએમઆર શીટ પરત લેવામાં આવશે તથા પેપર-૨ની ઓએમઆર-શીટનું વિતરણ કરવામાં આવશે.

# ભિલોડામાં ખેડુતોને ખેતી માટે મળતી કીટ ફાળવણીમાં હળહળતો અન્યાય

## મામલતદારને આવેદન પત્ર અપાયું : રૂ.૧૦૦૦ રોકડા લીધા બાદ ૫૦૦ની પાવતી અપાતા ખેડુતોમાં તીવ્ર રોષ

ભિલોડા, તા.૪

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં ખેડુતોને ખેતી માટે મળતી કીટ ફાળવણીમાં હળહળતો અન્યાય થતાં મામલતદારને આવેદન પત્ર અપાયું. રૂા.૧૦૦૦/-રોકડા લીધા બાદ રૂા.૫૦૦/-ની પાવતી અપાતા ખેડુતોમાં તીવ્ર રોષ ભભુક્યો છે. ભિલોડા તાલુકા મથક ખાતે વનબંધુ કલ્યાણ યોજના અંર્તગત ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા ખેડુતોને વાવણી દરમ્યાન મદદરૂપ બનવા માટે લાભાર્થી ખેડુતોને ખેતી માટે મળતી કીટ ફાળવણીમાં હળહળતો અન્યાય થતો હોવાના કારણે ભિલોડા મામલતદારનો આવેદન પત્ર અપાયું છે.

જાગૃત ખેડુતોના જણાવ્યા મુજબ રૂા.૧૦૦૦/-રોકડા લીધા બાદ રૂા.૫૦૦/-ની પાવતી અપાતા ખેડુતોમાં તીવ્ર રોષ ભભુકી રહ્યો છે. કીટનું વિતરણનું કામ યુ.પી.એલ. લીમીટેડ નામની કંપની ધ્વારા કરવામાં આવે છે તેમ જાણવા મળેલ છે. ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાંથી આદિવાસી સમાજના લોકો કૃષિ વિષયક કીટો મેળવવા આવતા હોય છે. ભિલોડા તાલુકામાં કીટ વિતરણની કાર્યવાહીમાં ખુબ જ લાંબી-લાંબી ખેડુતોની કતારો જોવા મળતી હોય છે. કૃષિ વિષયક કીટ મેળવવા ખેડુતો વહેલી સવારથી જ આવીને લાઈનમાં ઉભા થઈ જાય છે તેમાં પણ જાણવા મળ્યું છે કે છેલ્લે સાંજે ખાલી હાથે પાછા જવું પડે છે. લાભાર્થી ખેડુતોને કીટો મેળવવા માટે ધરમધક્કા પણ ખાવા પડતા હોય છે. સંચાલકો ધ્વારા ક્યારેક-ક્યારેક કલાકો સુધી કામ કરી બંધ કરી દેવામાં પણ આવતું હોય તેમ ખેડુતો ધ્વારા જાણવા મળેલ છે. લાભાર્થી ખેડુતોને આશરે એક દિવસમાં ૧૦૦ ખેડુતોને કીટ મળે છે ત્યારે બાકીના ખેડુતોને ખાલી હાથે પાછા ફરે છે તેમ જાણવા મળ્યું છે. ભિલોડા તાલુકાના આદિવાસી સમાજના સામાજીક કાર્યકરો ડૉ.રાજનભાઈ ભગોરા, બી.જે.અસારી, ડૉ.ડી.બી.ડામોર, આર.એન.ડેડુન, બી.એસ.પાલીયા, એન.એસ.ચૌહાણ સહિત કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા મામલતદારને આવેદન પત્ર ન્યાય મેળવવા માટે અપાયું હતું.

# સ્વામી વિવેકાનંદ રથયાત્રાનું બનાસ ડેરી - પાલનપુર ખાતે ચેરમેન પરથીભાઈ ભટોળ દ્વારા ભવ્ય સ્વાગત

સ્વામી વિવેકાનંદના આદર્શોને અને જીવનમૂલ્યોને આજની યુવા પેઢી સમજે અને તેના જીવનમાં ઉતારે તેવા ઉમદા હેતુથી સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતી નિમિતે શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા આયોજિત અને સમગ્ર દેશમાં પરિભ્રમણ કરતી રથયાત્રાનું આજે તા. ૪/૭/૨૦૧૪ ના રોજ બનાસ ડેરી ખાતે સવારે ૧૦ વાગ્યે આગમન થયું હતું. સંઘના ચેરમેન શ્રી પરથીભાઈ ભટોળે સ્વામીજીની -તિમાને ફૂલહાર પહેરાવી આ રથયાત્રાનું ભવ્ય સ્વાગત કર્યુ હતું.



આ રથયાત્રા દરમિયાન શોભાયાત્રા, ભક્તિફેરી, ભજન-સંકીર્તન દ્વારા સ્વામીજીએ આપેલ આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને ચારિત્ર્ય ઘડતરનો અમૂલ્ય વારસો લોકો સુધી પહોંચાડવામાં આવે છે.

આ -સંગે યોજાયેલ રથયાત્રાના સ્વાગત કાર્યક્રમમાં ઉદબોધન કરતા શ્રી પરથીભાઈ ભટોળે જણાવેલ કે, સ્વામી વિવેકાનંદના જીવન મૂલ્યોને આજે આપણે ઉજાગર કરવાનો સમય પાકી ગયો છે. તેમના ઉચ્ચ આદર્શો અને સિદ્ધાંતોના અમલીકરણ દ્વારા આપનું જીવન ઉત્કર્ષમય બનાવી શકાય તેમ છે અને તેના માટે આપણે મક્કમ નિર્ધાર કરવો પડશે.

રથયાત્રામાં સ્વામીજીના જીવન સંદેશને લગતું -દર્શન અને હરતા ફરતા પુસ્તકાલયે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. બનાસ ડેરીના કર્મચારીઓએ બહોળી સંખ્યામાં જીવન ઉપયોગી પુસ્તકો ખરીદ્યા હતા. વળી, આ -સંગે કર્મચારીઓએ જેટલા પુસ્તકો ખરીદ્યા તે તમામ ઉપર બનાસ ડેરીએ ૫૦ કન્સેશન આપ્યું હતું. કર્મચારીઓ ઉચ્ચ આદર્શોવાળા પુસ્તકો ઘરે લઈ જાય તો તેમના બાળકોના સંસ્કાર પણ ખીલી ઉઠે તેવા ઉમદા આશયથી ડેરીના ચેરમેન શ્રી પરથીભાઈ ભટોળે ઉપરોક્ત કન્સેશનની જાહેરાત કરી હતી.

રથયાત્રા સાથે પધારેલા પૂ. વેદનીષ્ઠાનંદ સ્વામીજીએ આશીર્વચન આપતા જણાવ્યું હતું કે, ભારત દેશમાં શ્વેતક્રાંતિ લાવવામાં બનાસ ડેરીનો ફાળો મહત્વનો રહ્યો છે. જે દેશમાં સ્વામી વિવેકાનંદ જેવા સંત રત્નો પાક્યા છે તે ભારત દેશ ફરી એક વખત વિશ્વ વેદી પર બિરાજશે એ નિર્વિવાદ છે. આગામી સમયમાં પણ બનાસ ડેરી ઉત્તરોત્તર -ગતિ કરે તેવી શુભકામનાઓ તેઓશ્રીએ પાઠવી હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)





(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

જીઈબી કર્મચારી ધિરાણ મંડળીના પ્રમુખ બળદેવભાઈ રાયકાના સદસ્ય સ્થાને સાધારણ સભા યોજાઈ હતી. જીઈબીના સેવક અને એલઆઈ દ્વારા દિપ પ્રાગટય કરાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે વય મર્યાદાને કારણે વિદાય લેતાં કર્મીઓનું સ્વાગત કરાયુ હતું. કર્મચારી મિત્રોનો ધો. ૧૦ અને ૧૨ માં પ્રથમ ક્રમાંક મેળવનાર બાળકોને વિદ્યા એવોર્ડ કરી સન્માનીત કરાયા હતા. પ્રમુખ બળદેવભાઈ રાયકાના કાર્યકાળ દરમ્યાન મંડળીની પ્રગતિમાં થયેલ વધારો. બ્લડ ડોનેશન સહિત વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવી હતી. પ્રમુખ બળદેવભાઈ રાયકાએ આ વર્ષે હોદ્દા પરથી રાજીનામું આપી ઈન્ચાર્જ પ્રમુખ તરીકે મહેશભાઈ મનવરને ચાર્જ આપ્યો હતો. કાર્યક્રમમાં પ્રાર્થના ગીત ભાવેશ લીમ્બાચિયા, સંચાલન વાય.એ.ઘોરીએ કર્યુ હતું. આ પ્રસંગે કર્મચારી ધિરાણ મંડળીના સભ્યો અને કર્મચારી ચિરાગ મંડળીના સભ્યો અને કર્મચારી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. તમામ સભ્યોએ સમૂહ ભોજન લઈ કાર્યક્રમનું સમાપન કર્યુ હતું.

# પાટણ જિલ્લામાં ૪થી ઓગસ્ટે નિરોગી બાળ દિન ઉજવવામાં આવશે

પાટણ, તા. ૪

૧૫ મી ઓગસ્ટ- ૨૦૧૪ ૬૮મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી જિલ્લા મથક પાટણ ખાતે થનાર છે. આ પર્વની ઉજવણીમાં જિલ્લાના નાગરિકો ઉમંગભેર ભાગ લે અને સહભાગી બને તે આશયથી ૧લી ઓગસ્ટથી વિવિધ કાર્યક્રમો જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન કરવામાં આવનાર છે.

આજનું બાળક એ આવતી કાલનો નાગરિક છે. પાટણ જિલ્લાના બાળકો નિરોગી રહે તે માટે પોષક આહાર મળે તેવા ઉમદા હેતુથી સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી ૪ થી ઓગસ્ટ ૨૦૧૪ નિરોગી બાળ દિન ઉજવવામાં આવશે.

વ્યક્તિગત રીતે શાળા / આંગણવાડીમાં હાજર રહી બાળ જન્મદિનની ઉજવણીમાં ભાગ લેવા, પોતાના બાળકોની આરોગ્ય તપાસ નિયમિત કરાવવા, શાળાના બાળકોને ચોકલેટ / મીઠાઈ / ફળ / સુખડીનું વિતરણ કરવામાં આવશે. સરકારી કચેરીઓ દ્વારા તમામ શાળા /આંગણવાડીને તિથિ ભોજન તળે આવરી લેવા, બાળકોની નિયમિત આરોગ્ય તપાસ, આંગણવાડી બાળકોનું નિયમિત રસીકરણ અને આંગણવાડીમાં તમામ -ાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન કરવામાં આવશે.

સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી તંદુરસ્ત બાળ હરિફાઈનું આયોજન કરવામાં આવશે. બાળ રોગ નિષ્ણાતોની મદદ લેવામાં આવશે. દરેક -ાથમિક/ આંગણવાડીમાં ફર્સ્ટ એઈડ બોક્ષનું વિતરણ કરવામાં આવશે. આંગણવાડી દત્તાક લઈ બાળ જન્મ દિનની ઉજવણી, બાળકો માટે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન અને આંગણવાડી/શાળાઓમાં પૌષ્ટિક આહારનું વિતરણ કરવામાં આવશે.

વ્યાપારી અને ઔદ્યોગિક સંગઠ્ઠનોના સહયોગથી કૃપોષિત બાળકોને સહાય, બાળ રોગીને આર્થિક સહાય, તિથિ ભોજન, આંગણવાડીમાં રમકડાંનું વિતરણ, પીવાના પાણીની સુવિધા તથા બેબી ટોઈલેટની સુવિધા, આરોગ્ય તપાસના કેમ્પોનું આયોજન, નિઃશુલ્ક દવા વિતરણના કેમ્પો અને બાળકોને દુધ-પૌષ્ટિક આહારનું વિતરણ કરવામાં આવશે.

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામસ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧